# દેવનું રાજ્ય ફેલાતું જાય છે

## દેવનું રાજ્ય કેવી રીતે ફેલાય છે તે માટે ઈસુએ દૃષ્ટાંત આપ્યા અત્યારે અને સમગ્ર ઈતિહાસમાં.

**પ્રાર્થના** : વહાલા પ્રભુ, આ બાળકો પોતાના મિત્રોના હૃદય સુધી તમારુ વચન ફેલાવે માટે તેમની સહાય કરો. તમારું વચન બીની માફક મૂળ ઘાલે, વધે અને બાળકોના હૃદયોમાં ફળ ઉપજાવે તેવું થવા દો.

બાળકોની ઉંમર અને આત્મિક જરૂરિયાત મુજબની પ્રવૃતિઓ પસંદ કરો.

એક મોટો બાળક અથવા સભાજન ચાર પ્રકારની જમીનની ઈસુના દૃષ્ટાંતની વાર્તા કહે માત્થી ૧૩ :૩-૯ અને ૧૮-૨૩.



જુદા જુદા પ્રકારના લોકો સુવાર્તા સાંભળે છે તો શું થાય છે તે **સમજાવો.**

- આ વાર્તા સમજાવે છે કે દેવનું રાજ્ય સદીઓથી એક ધારી વૃદ્ધિ કરતું આવ્યું છે.
- કેટલાક લોકો ઈસુના વચનોનો નકાર કરે છે. અને કેટલાક તેનો સ્વીકાર કરે છે.
- શેતાન દેવના લોકો પર હુમલો કરે છે પણ દેવું વચન મક્કમપણે ફેલાયા કરે છે અને જલ્દીથી જગતના દરેક પ્રકારના લોકોમાં તે મૂળ જમાવશે.

બાળકો આ **પ્રશ્નો** પૂછો :



- ત્રણ પ્રકારની જમીનો ખરાબ હતી, તેઓમાં શું ખરાબ હતું ?
- ક્યા પ્રકારનાં બીને મૂળ નાખવાનું, વધવાનું અને ફળ ઉપજાવવાનું મળ્યું ?
- દેવની સુવાર્તા કઈ રીતે આ બી સમાન છે ?
- બી સારી જમીન પર પડે ત્યારે શું થાય છે ?
- કેવા પ્રકારના લોકો નબળી જમીનરૂપ હોય છે ?
- જ્યારે લોકો સુવાર્તા સાંભળે અને તેના પર વિશ્વાસ કરે ત્યારે શું થાય છે ?

### ચાર પ્રકારની જમીનની વાર્તાનું નાટક બનાવો.

- સભાના આગેવાન પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો.
- તમારા શિક્ષણ સમય દરમ્યાન બાળકો સાથે આ નાટકની તૈયારી કરો.
- મોટા બાળકો નાનાઓની મદદ કરે.
- મોટા બાળકો કે સભાજનો આ પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક** : તે વાર્તાનું સંક્ષેપિકરણ કરે અને બાળકોને સંવાદો અને અભિનય શીખવે.
**ખેડૂત** : તે બી અથવા બી રૂપે નાના પથરા રાખે.
**કાંટા**

- **નાના બાળકો** પક્ષીઓ, ઘઉંના છોડ અને દબાયેલા છોડના પાત્રો ભજવે. હવે નાટક આ પ્રમાણે તૈયાર કરવું.

**ઉદ્‌ઘોષક** : માત્થી ૧૩ :૩-૯ મુજબ વાર્તાનો પ્રથમ ભાગ વાંચે અથવા કહે પછી બોલે, જુઓ, જ્યારે બી રસ્તાની કોરે પડે છે ત્યારે શું થાય છે.

**ખેડૂત** : મૂઠીભર બી ફેંકે છે.

**પક્ષીઓ** : પડેલા બી ઉપર તૂટી પડે છે. પાંખ ફફડાવવા હાથ હલાવવા થોડા બી હાથ વડે લઈ લેવા અને તે ખાઈ જવાનો અભિનય કરવો. (સાચેસાચ મોઢામાં મૂકવા નહિ)

**ઉદ્‌ઘોષક** : (બોલે), જૂઓ જ્યારે બી ખડકાળ જમીન પર પડે છે ત્યારે શું થાય છે.

**ખેડૂત** : બીજા વધારે બી જમીન પર ફેંકે છે.

**ઘઉંના છોડ**: જ્યાં બી પડયા ત્યાંથી થોડી વાર ઊભા થાય. એકબીજાના હાથ પકડી રાખે અને સૂરજની સામે જૂએ પછી પોતાની આંખો પર હાથ દાબે અને ધીરેથી જમીન પર પડી જાય.

**ઉદ્‌ઘોષક** : જૂઓ, જ્યારે બી કાંટાવાળી ભોંય પર પડે છે ત્યારે શું થાય છે.

**ખેડૂત** : વધારે બી વાવે (ફેંકે) છે.

જે બાળકો **દબાયેલા છોડ** બન્યા હોય તેઓ જ્યાં બી પડયા ત્યાં ઊભા થાય. પોતાના હાથ પકડી રાખે.

જેઓ કાંટા બન્યા હોય તેઓ પેલાઓની પાછળ એકની પાછળ એક ઊભા થાય અને ઊંચા પગે ઊભા રહે. લુચ્ચાઈથી જોરથી હાસ્ય કરે પછી એકાએક પોતાના હાથ તેમના ગળા આસપાસ વીંટાળે એ જોરથી તેમને બેસાડી દે.

દબાયેલા છોડ પોતાનું ગળુ પકડે, જાણે બોલી શકતા નથી તેમ પડી જાય.

**ઉદ્‌ઘોષક** : જૂઓ, સારી જમીનમાં પડેલ બીનું શું થાય છે.

**ખેડૂત** : બીજા વધારે બી વાવે (ફેંકે)

**ઘઉંના છોડ**: તેઓ જ્યાં બી પડયા છે ત્યાં ગર્વથી ઊભા થાય અને આકાશ તરફ પોતાના હાથ ઉઠાવે.

**ખેડૂત** : જૂઓ બી સોગણા વધ્યા ! આટલી મોટી ફસલને માટે દેવનો આભાર માનું છું !

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ માત્થી ૧૩ :૧૮-૨૩ ઉપરથી કહે પછી નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને.

**પ્રશ્નો**

જો બાળકોએ સભાજનો સમક્ષ આ નાટક ભજવ્યું હોય તો તેમને આગળના પાના ઉપરના પ્રશ્નો પૂછવા દો.

ફણગો ફૂટેલા બીનું ચિત્ર બાળકો પાસે દોરાવો. ભજન સેવામાં બાળકો આ ચિત્રો બતાવે અને સમજાવો કે દેવનું વચન આ બી સમાન છે જે આપણા હૃદયોમાં મૂળ નાખે છે, વધે છે અને ફળ ઉપજાવે છે.

ત્રણ બાળકો **ગી.શા. ૧ :૧-૩** કલમો એક એક બોલી જાય.

જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી
જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી.
અને જે નીંદાખોરોની સાથે બેસતો નથી તેને ધન્ય છે
પણ યહોવાનહના નિયમશાસ્ત્રથી તે આનંદ પામે છે
અને રાત દિવસ તે તેના નિયમ શાસ્ત્રનું મનન કરે છે
વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે
જે પોતાના ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે
અને તેના પાંદડા કદી ચીમળાતા નથી
વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે.



ચાર પ્રકારની જમીન શું બતાવે છે તે અંગેનું **ગીત મોટા બાળકોને લખવા દો.**

પ્રે.કૃ. ૪ :૧૨ **મુખપાઠ કરો**

**પ્રાર્થના :** વહાલા ઈસુ, બીજા માણસોને તમારી સુવાર્તા આપવા દ્વારા તમારા રાજ્યનું બી વાવવામાં અમારી સહાય કરો અમારા હૃદયોમાં તમારુ વચન મૂળ ઘાલે અને સારા ફળ ઉપજાવે તેવું અમે ચાહીએ છીએ.